# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય

## આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય

## આણંદ- ૩૮૮૦૦૧


**વેટરીનરી માઈક્રોબાયોલોજી વિભાગ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ દ્વારા જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરી, આણંદ ખાતે "હડકવા જાગૃતિ કાર્યક્રમ" નું આયોજન**

આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયના વેટ. માઈક્રોબાયોલોજી વિભાગ અને જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરી, આણંદ તેમજ એસોસિયશન ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ રેબીઝ ઇન ઈન્ડિયા (APCRI), બેંગાલુરુનાં સહયોગથી "હડકવા જાગૃતિ કાર્યક્રમ" જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરી, આણંદના સેમીનાર હોલ ખાતે તા.૦૪/૦૩/૨૦૨૦ નાં રોજ યોજાયેલ હતો.

હડકવા એક જીવલેણ રોગ હોઈ અને વિકાસશીલ દેશોમાં મુખ્યત્વે બાળકોમાં જોવા મળે છે અને જેનું મુખ્ય કારણ હડકવાગ્રસ્ત કુતરાનું કરડવું એ છે આ જ બાબતને કેન્દ્રમાં રાખી અત્રેના વિભાગ દ્વારા નાના બાળકો હડકવા વિષે સભાન થાય અને એમનામાં હડકવા પ્રત્યે જાગૃતિ કેળવાય એવા આશયથી આણંદની જાણીતી સ્કુલ જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીના ત્રીજા, ચોથા અને પાંચમાં ધોરણના બાળકો, વાલીઓ અને સ્કુલના શિક્ષકોને હડકવા વિષે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ડૉ. એમ. કે. ઝાલા (સહસંશોધન નિયામક, આ.કૃ.યુ., આણંદ) મુખ્ય અતિથી તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમની સફળ રજૂઆત વિભાગના ડૉ. વિ. આર. નિમાવત (મદદ. પ્રાધ્યાપક) દ્વારા કરવામાં આવેલ હતી. ત્યારબાદ મુખ્ય અતિથી ડૉ. એમ. કે. ઝાલા (સહસંશોધન નિયામક, આ.કૃ.યુ., આણંદ) દ્વારા હડકવાના વિષાણું, રસીકરણ અને તેનો ઈતિહાસ અને ૨૮મી સપ્ટેમ્બર (વિશ્વ હડકવા દિવસ) વિષે પર્યાપ્ત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ ડૉ. બી. બી. ભંડેરી (વિભાગીય વડા, વેટ. માઈક્રો. વિભાગ) દ્વારા કરવામાં આવેલ.











વેટરીનરી માઈક્રોબાયોલોજી વિભાગ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ દ્વારા જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરી, આણંદ ખાતે “હડકવા જાગૃતિ કાર્યક્રમ” નું આયોજન